# સીમા સુરક્ષા બળ (બી.એસ.એફ.)

સીમા સુરક્ષા બળ (બોર્ડર સિક્યુરિટી ફોર્સ અથવા બી.એસ.એફ.) એ ભારતની સરહદનું રક્ષણ કરતી સંસ્થા છે જે સંરક્ષણની પ્રથમ હરોળ તરીકે ઓળખાય છે અને તે ભારતની સાત કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ બળ (સી.એ.પી.એફ.)પૈકીની એક છે. બી.એસ.એફ જવાન સરહદી વિસ્તારોમાં રહેતા લોકોમાં સુરક્ષાની ભાવનાને પ્રોત્સાહન આપવા માટે તેમજ દાણચોરી તથા ભારતીય પ્રદેશમાં અનધિકૃત પ્રવેશ અથવા ભારતમાંથી બહાર નીકળવા જેવા સીમાપાર કરવાના ગુનાઓને રોકવા માટે જવાબદાર છે.



## વ્યક્તિગત નિપુણતા

- લોકોને મદદ કરવી તમને ગમે છે
- તમને બહાર કામ કરવાનું ગમે છે
- તમે દેશની સેવા કરવા અને શૌર્ય પ્રદર્શિત કરવા માટે ઉત્સુક છો
- સ્પષ્ટ સૂચનાઓને અનુસરવાનું તમને પસંદ છે

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૬,૦૦૦ થી ૧૦,૪૬,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in**ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in**ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો. વિજ્ઞાન પ્રવાહ (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિત)ને પ્રાધાન્ય આપો.

૨. ત્યારબાદ, તમારે બી.એસ.એફ.ની પરીક્ષા આપવી પડશે અને ત્યારબાદ શારીરિક માપન કસોટી અને કાર્યદક્ષતા કસોટી પાસ કરવી પડશે .

**અથવા**

કોઈપણ એન્જિનિયરિંગ કોર્સમાં સ્નાતકની ડિગ્રી (B.Tech/BE/B.Sc.) પૂર્ણ કરો.

**અથવા**

સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો ત્યારબાદ, તમે એન્જિનિયરિંગમાં પી.જી. ડિપ્લોમા કરી શકો છો.

એન્જિનિયરિંગ કોર્સમાં પ્રવેશ માટે તમારે JEE એડવાન્સ્ડ, JEE મેઈન, MET, VITE EE, MHT CET, SRM JEE, COM EDK., UGET, KCET વગેરે જેવી પરીક્ષાઓ પાસ કરવી આવશ્યક છે.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપલે આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

સીમા સુરક્ષા બળ અધિકારીનું માસિક વેતન
**રૂ. ૨૩,૦૦૦ થી ૧,૨૦,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત: https://recruitmentresult.com/bsfsalary/#BSF_SI_Salary_2022

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** તમે ૧૯૨ બટાલિયન પૈકી કોઈપણ બટાલિયનની સાથે સાથે મરીન વિંગ, એર વિંગ અને આર્ટિલરી રેજિમેન્ટ જેવા વિશિષ્ટ એકમોમાં નોકરી મેળવી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** સામાન્ય રીતે અઠવાડિયામાં ૬ થી ૭ દિવસ, પ્રતિ દિવસ ૮ થી ૯ કલાક ફરજ બજાવવાની હોય છે. શિફ્ટ સિસ્ટમ અમલમાં છે. તમારી પાસેથી પડકારજનક પરિસ્થિતિઓનો સામનો કરવાની અપેક્ષા છે. મોટા ભાગનું કામ બહારનું છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

આસિસ્ટન્ટ કમાન્ડન્ટ → ડેપ્યુટી કમાન્ડન્ટ → કમાન્ડન્ટ → ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ (ડી.આઈ.જી.) → ઈન્સ્પેક્ટર જનરલ (આઈ.જી.) → એડિશનલ ડાયરેક્ટર જનરલ (એ.ડી.જી.) → વિશેષ મહાનિર્દેશક → મહાનિર્દેશક

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

બોર્ડર પેટ્રોલિંગ, ભારતીય સેનામાં સીમા સુરક્ષા નોકરીઓ, સીમા સુરક્ષા દળ જવાન કારકિર્દીના વિકલ્પો

## તમે અભ્યાસ ક્યાં કરશો?

સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**બી.એસ.એફ. સંસ્થાઓ**

૧. બી.એસ.એફ. એકેડમી,
૨. સેન્ટ્રલ સ્કૂલ ઓફ વેપન એન્ડ ટેક્ટિક્સ (CSWT), ઈન્દોર
૩. તાલીમ કેન્દ્ર અને શાળા (TC & S), ઝારખંડ
૪. બી.એસ.એફ. ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોમ્યુનિકેશન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી (BICIT), નવી દિલ્હી
૫. સેન્ટર ફોર ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ડિજિટલ કોમ્યુનિકેશન (CEDCO), બેંગલુરુ

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ



## સાફલ્ય ગાથા

**તનુશ્રી પારીક** વર્ષ ૨૦૧૩માં, બી.એસ.એફ. દ્વારા મહિલાઓનો સમાવેશ કરવામાં આવ્યા બાદ, ભારતના પ્રથમ મહિલા કોમ્બેટ ઓફિસર બન્યા. તનુશ્રી પારીકે ૧૫મી ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ શ્રીનગરના શેર-એ-કાશ્મીર ક્રિકેટ સ્ટેડિયમ ખાતે સ્વતંત્રતા દિવસની પરેડનું નેતૃત્વ કરવાનું ગૌરવ પણ પ્રાપ્ત કર્યું છે.*

સ્રોત:https://www.indianyouth.net/bsfs-first-woman-combat-officer-tanushree-pareek-inspires-youth/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.